# આત્મધર્મ



ક્રમબદ્ધમાં કર્તાપણાનો નાશ છે, જ્ઞાતાપણાનું ઉત્પન્ન થવું છે. ક્રમે ક્રમે જે સમયે જે રાગ થાય તેને પણ ક્રમબદ્ધ માનનારો જાણનાર રહે, કર્તા ન થાય. હું પરનું કરી દઉં.....રાગ કરું....એમ માનનારે ક્રમબદ્ધને માન્યું નથી.

---*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

# આગમ મહાસાગરનાં અણમૂલા રત્નો

❀ સર્પ કરડે તો એક જ વાર મરણ થાય છે, અને કુગુરુના સેવનથી તો મિથ્યાત્વાદિ પુષ્ટ થતાં જીવ નરક—નિગોદાદિકમાં અનંતવાર મરણ પામે છે; માટે હે ભદ્ર! સર્પનો સંગ સારો છે પણ કુગુરુનું સેવન સારું નથી....તું તે ન કર. ૯૧૬.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૩૭)*

*(મોક્ષમાર્ગપ્રકાશકમાં આ ગાથા ઉદ્ધૃત કરી છે, પાનું-૧૮૩)*

❀ સર્વ ક્ષેત્ર કે કાળમાં કોઈ પણ પ્રકારે કે કારણ વડે જીવ કાળથી બચ્યો નથી, બચતો નથી કે બચશે પણ નહિ. સર્વ શરીરધારી પ્રાણીઓ એ પ્રચંડ કાળને વશ વર્તી રહ્યાં છે. એ પ્રત્યક્ષ જોઈને હે જીવ! પ્રતિ પળે વિનાશ સન્મુખ જતાં શરીરને રાખવાની ચિંતા છોડી એક નિજ આત્માને જ રાગ-દ્વેષાદિ દુષ્પરિણામોથી હણાતો બચાવ, બચાવ! વિનાશી પદાર્થને રાખવાની માથાકુટ છોડી એ અવિનાશી નિજ આત્મપદનું રક્ષણ કર, રક્ષણ કર! અને દેહનાશની ચિંતાથી નિશ્ચિંત થા, કારણ કે એ નિજપદ નથી પણ પર પદ છે. ૯૧૭.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, ગાથા-૭૯)*

❀ જેને રાગાદિ થવાનો કંઈ પણ ખેદ નથી—તેના નાશનો ઉપાય નથી, તેને 'રાગાદિક બૂરા છે' એવું શ્રદ્ધાન પણ સંભવતું નથી. અને એવા શ્રદ્ધાન વિના તે સમ્યગ્દષ્ટિ કેવી રીતે હોય? જીવ—અજીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવાનું પ્રયોજન તો એ એટલું જ શ્રદ્ધાન છે. ૯૧૮.

*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિકાર-૭, પાનું-૨૧૩)*

❀ હે યોગી! જેના હૈયામાં જન્મ-મરણથી રહિત એવા એક પરમ દેવ નિવાસ કરે છે તે પરલોકને (—સિદ્ધપદને) પામે છે. ૯૧૯.

*(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૭૬)*

❀ જેને સ્વપરનું ભેદવિજ્ઞાન નથી તે જ પરદ્રવ્યમાં અહંકાર મમકાર કરે છે, ભેદવિજ્ઞાની નહિ. માટે પરદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે અને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિનું કારણ ભેદવિજ્ઞાન જ છે. ૯૨૦.

*(શ્રી પ્રવચનસાર, ગાથા-૧૮૩નો ભાવાર્થ)*

કહાન
સંવત-૨૬
વર્ષ-૬૨
અંક-૮
[૭૪૮]




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૨
સં. ૨૦૬૨
Febuary
A.D. 2006

# સિદ્ધદશાનું વર્ણન

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૧૫)

આ, શ્રી સમયસાર નાટક છે. મોક્ષદ્વારનો ૧૩મો કળશ છે. તેના ઉપર ૫૧મુ પદ્ય છે, તેમાં સમ્યગ્દષ્ટિજીવોને વંદના કરે છે. આમ તો સિદ્ધ પરમાત્માની વાત કરે છે પણ આવા સિદ્ધ પરમાત્માની પૂર્ણદશાની જેને મહિમા આવી છે એવા સમકિતીજીવોનો અહીં આદર કરે છે.

સંસારમાં તો ચોરાશીના અવતારમાં દુઃખ જ છે. સુખ તો એક મોક્ષમાં છે અને એ મોક્ષ પોતાના આત્માના સ્વભાવના આશ્રયથી થાય છે. જેણે આવા સ્વભાવનો આશ્રય લીધો છે તેને સમ્યક્ત્વ સહિત અતીન્દ્રિય આનંદ આવે છે કે જે આનંદ પૂર્ણ થતાં મોક્ષ થાય છે એ જ વાત અહીં બનારસીદાસજી કહે છે.

સમ્યગ્દષ્ટિજીવોને વંદન (દોહરા)

इहि विधि जे पूरन भये, अष्ट करम वन दाहि।
तिन्हकी महिमा जो लखै, नमै बनारसि ताहि॥५१॥

અર્થ :—જે આ રીતે આઠ કર્મોનું વન બાળીને પરિપૂર્ણ થયા છે તેમનો મહિમા જે જાણે છે તેને પંડિત બનારસીદાસજી નમસ્કાર કરે છે.

આગળ ૫૦મા પદમાં જે समकिती जीव समचेती थी લઈને તે केवली भगवान कहाये સુધીમાં બધો ક્રમ કહી દીધો હતો કે પ્રથમ, સમ્યગ્દર્શન તેને કહેવાય કે જે પરપદાર્થનો

કર્તા તો ન થાય પણ વ્યવહારરત્નત્રયના શુભરાગનો પણ કર્તા ન થાય. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, શાસ્ત્રનું ભણવું, પંચમહાવ્રતના પરિણામ.....એ બધો રાગ છે. એ રાગનો કર્તા થાય અને સ્વભાવને તો જાણતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિને સંસારમાં–ચારગતિના દુ:ખમાં રખડવું પડે છે.

જેને પ્રથમ સમ્યક્ત્વ થાય પછી તેને સ્વરૂપમાં વિશેષ સ્થિરતા થતાં ચારિત્રની દશા પ્રગટ થાય. જ્યાં સમ્યક્ત્વ જ ન હોય ત્યાં ચારિત્રદશા તો થાય જ નહિ અને ચારિત્ર વિના મોક્ષ તો થાય જ નહિ.

આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ છે તે એક રજકણનો પણ કર્તા નથી. જડની ક્રિયા ચેતનથી ન થાય. આત્મા હાથ હલાવી શકતો નથી. વાણી બોલી શકતો નથી. આત્મા તો જાણનારસ્વભાવી હોવાથી રાગનો પણ કર્તા નથી તેથી આત્માને જાણનાર સમકિતી પણ રાગનો કર્તા થતો નથી. આત્માની ખાણમાં રાગનો અભાવ છે.

આત્માની પૂર્ણદશાને પ્રાપ્ત એવા સિદ્ધોનું જેને માહાત્મ્ય આવ્યું છે તેને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવ્યું છે કે 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' હું તો પૂર્ણ જ્ઞાન-દર્શન-આનંદ-શાંતિથી ભરેલો સિદ્ધ જેવો પદાર્થ છું. એમ જેને સ્વભાવ-સન્મુખ થઈને પ્રતીતિ થાય છે તેને અંતરમાં અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે એ સમકિતની નિશાની છે. દેવ-શાસ્ત્ર-ગુરુને માને છે, શાસ્ત્ર ભણે છે કે વ્રત પાળે છે માટે સમકિતી છે એમ નથી.

શ્રીમદ્‌જીએ સમકિતની ટૂંકી વ્યાખ્યા કરી છે કે 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ'. આપણે પણ આમાં આવે છે કે જેણે જ્ઞાનાદિ અનંતગુણનો એક અંશ નિર્મળપણે પ્રગટ કર્યો છે તેણે આખો આત્મા આનંદમૂર્તિ છે એવી પ્રતીતિ કરી છે, તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ સાથે હોય જ છે તે સમકિતી છે. આવા સમકિતના ભાન વિના સીધા વ્રત, નિયમ, તપસ્યા આદિ કરવા લાગે છે તે બધાં એકડાં વિનાના મીંડા છે. તેથી તો છઢાળામાં કહ્યું કે

'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રૈવેઈક ઉપજાયો,
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.'

નિરઅતિચાર પંચમહાવ્રત પાળીને મુનિ નવમી ગ્રૈવેઈક જાય પણ સમકિત વિના મોક્ષ ન થાય. ચારગતિમાં રખડવાનું જ થાય. માટે, અહીં મોક્ષની વિધિ બતાવી છે. તેમાં પ્રથમ સમ્યગ્દર્શનનું સોપાન આવે છે. તેમાં સમ્યગ્દર્શનની સાથે જ સમ્યગ્જ્ઞાનનો અંકુર ફૂટે છે અને અતીન્દ્રિય આનંદ તથા અનંતાનુબંધી કષાયના અભાવની શાંતિ હોય છે. તે

શાંતિ અને આનંદની દશા વધારતાં પાંચમા ગુણસ્થાનમાં વિશેષ શાંતિ અને આનંદ આવે છે. છટ્ઠામા તેનાથી પણ વિશેષ શાંતિ અને આનંદ આવે છે. સાતમામા તેનાથી પણ વિશેષ આવે છે. એમ કરતાં......બારમા ગુણસ્થાનમાં શાંતિ અને આનંદ પૂર્ણ પ્રગટ થાય છે પણ અનંત નથી. એ કેવળજ્ઞાન થતાં અનંત જ્ઞાન અને અનંત આનંદ પ્રગટ થાય છે. આ વિધિ છે. આ સિવાય સીધું ચારિત્ર લઈ લે છે તે રાગની ક્રિયા કરતાં કરતાં ધર્મ થશે—એમ માનનારા મિથ્યાદષ્ટિ છે.

અનંતકાળમાં નહિ આવેલી એવી શાંતિ અને આનંદનો અનુભવ સમકિત થતાં થાય છે. તે પછી ગુણસ્થાન વધતાં શાંતિ અને આનંદ વધતાં જાય છે પણ જેટલો પ્રમાદ છે, રાગ છે તે તો જ્ઞાનીને પણ દુઃખરૂપ છે. રાગ છે તે અનાચાર છે. પંચમહાવ્રત કે દેહનું નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આત્માના આશ્રયે જે શાંતિ અને આનંદના ઉગ્ર પરિણામ પ્રગટ થયા છે તેને ચારિત્રદશા કહેવામાં આવે છે.

इहि विधि जे पूरन भये.....પ્રથમ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો છેદ કર્યો અને સમકિત તથા સ્વરૂપમાં સ્થિરતાનો અંશ પ્રગટ કર્યો.....પછી અવ્રતનો નાશ થયો અને સ્વરૂપની શાંતિ અને આનંદની વૃદ્ધિ થઈ.... પછી બુદ્ધિપૂર્વક જે રાગ હતો તેને છોડીને સ્થિરતા થઈ....પછી અબુદ્ધિપૂર્વકનો રાગ પણ છૂટીને તેને સ્થિરતા થઈ.....આ મુક્તિપ્રાપ્તિનો ક્રમ છે. આ સિવાય બીજી રીતે ધર્મ કરવા જાય તેને ધર્મ પણ નહિ થાય અને મુક્તિ પણ નહિ થાય.

ઉપર કહેલાં ક્રમથી જેણે વિધિ અનુસાર આઠ કર્મોના વનને બાળીને ભસ્મ કર્યું છે એવા સિદ્ધ પરમાત્માની સાચી મહિમા જેની દૃષ્ટિમાં આવી છે તે સમકિતી છે. કેમ કે સિદ્ધ જેવા પોતાના આત્માનો અનુભવ થાય ત્યારે જ એને ખ્યાલમાં આવે કે અહો! મારો આત્મા સિદ્ધ સમાન છે માટે સિદ્ધદશા પૂર્ણદશા કેવી હશે!! એમ સિદ્ધદશાનું માહાત્મ્ય તેને આવે છે. બનારસીદાસજી કહે છે કે આવા સમકિતીને હું નમન કરું છું.

હવે ફરી બનારસીદાસજી બાવનમા પદ્યમાં મોક્ષપ્રાપ્તિનો ક્રમ બતાવે છે.

'મોક્ષપ્રાપ્તિનો ક્રમ'

भयौ सुद्ध अंकूर, गयौ मिथ्यात्व भूर नसि।
क्रम क्रम होत उदोत, सहज जिम सुकल पक्ष ससि॥
केवल रूप प्रकासि, भासि सुख रासि धरम धुप।
करि पूरन थिति आउ, त्यागि गत भ्रमि परम हुप॥

इह विधि अनन्य प्रभुता धरत, प्रगटि बूंदि सागर थयौ।
अविचल अखंड अनुभव अखय, जीव दरव जग मंहि जयौ।।५२।।

અર્થ :—શુદ્ધતાનો અંકુર પ્રગટ થયો, મિથ્યાત્વ મૂળમાંથી દૂર થયું. શુક્લપક્ષના ચન્દ્રમા સમાન ક્રમે ક્રમે જ્ઞાનનો ઉદય વધ્યો, કેવળજ્ઞાનનો પ્રકાશ થયો. આત્માનો નિત્ય અને પૂર્ણ આનંદમય સ્વભાવ ભાસવા લાગ્યો. મનુષ્ય આયુષ્ય અને કર્મની સ્થિતિ પૂરી થઈ, મનુષ્ય ગતિનો અભાવ થયો અને પૂર્ણ પરમાત્મા બન્યા. આ રીતે સર્વશ્રેષ્ઠ મહિમા પ્રાપ્ત કરીને પાણીના ટીપામાંથી સમુદ્ર થવા સમાન અવિચળ, અખંડ, નિર્ભય અને અક્ષય જીવપદાર્થ સંસારમાં જયવંત થયો.

भयौ सुद्ध अंकुर......શુભ અને અશુભ બંને ભાવ અશુદ્ધ અને મલિન છે, એક શુદ્ધભાવ જ નિર્મળ છે તેનો અંકુર પ્રગટ થયો. એ અંકુરમાંથી જ હવે કેવળજ્ઞાન અને પૂર્ણતા પ્રગટ થવાની છે એમ કહે છે. ચોથા ગુણસ્થાને પોતાના નિર્મળાનંદ ભગવાનનો અનુભવ થતાં ત્યાં અતીન્દ્રિય આનંદ અને સંવર-નિર્જરા પ્રગટ થાય છે.

શુભ અને અશુભભાવ તો અનાદિથી જીવ કરતો આવ્યો છે, તેનું જ સેવન કર્યું છે અને એ જ મિથ્યાત્વભાવ છે. હવે જ્યાં શુદ્ધાત્માના અનુભવથી શુદ્ધતાનો અંકુર પ્રગટ થયો એ જ ધર્મ અને એ જ મોક્ષમાર્ગની શરૂઆત થઈ ત્યાં અનાદિથી ચાલી આવતી ભ્રમણા તો એને મૂળમાંથી છૂટી ગઈ. સૂક્ષ્મ પણ જે વિકલ્પ—ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે છે તેનાથી લાભ થશે એવી ભ્રમણા પણ મૂળમાંથી છૂટી ગઈ.

क्रम क्रम होत उदोत......બીજનો ચંદ્રમા જેમ ક્રમે ક્રમે વધતો પૂનમનો ચંદ્રમા થઈ જાય છે તેમ ધર્મીને પ્રથમ શુદ્ધતાનો અંકુર ફૂટ્યો તે ક્રમે ક્રમે વધતો વધતો સિદ્ધદશાને–પૂર્ણતાને પામશે. ચોથા ગુણસ્થાને જે ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય છે તે આશ્રય વધતો વધતો પૂર્ણદશાને પ્રાપ્ત થાય છે. વળી, તે શુદ્ધતા સહજપણે વધે છે, પંચમહાવ્રત આદિના પરિણામ કરે તેનાથી શુદ્ધતા વધે—એમ નથી. લોકોને આ વાત ગળે ઉતરવી કઠણ પડે તેમ છે પણ મારગ તો જેમ છે તેમ છે. પ્રથમ વ્યવહાર હોય તો નિશ્ચય થાય એ વાત યથાર્થ નથી. નિશ્ચય વિના સાચો વ્યવહાર હોતો જ નથી. એકલો વ્યવહાર તો રાગ છે–આસ્રવ છે–ભાવબંધ છે–ઝેર છે તેનાથી ખસીને જે પોતાના અબંધ સ્વભાવની દૃષ્ટિ કરીને અબંધ પરિણામ પ્રગટ કરે છે તેને એક સમયમાં અનંત ગુણના અંશો પ્રગટ થાય છે અને પછી તો જેમ, શુક્લપક્ષનો ચંદ્ર સહજ વધ્યે જાય છે તેમ, ભગવાન આત્મા પોતાના અવલંબનથી સહજ વધ્યે જાય છે. તેને વધવામાં બાહ્ય ક્રિયાકાંડનો આશ્રય નથી. પૂર્ણ

શુદ્ધ વસ્તુના આશ્રયથી જ પૂર્ણપણું પ્રગટ થાય છે.

केवल रूप प्रकासि......કેવળજ્ઞાન થતાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ દર્શન અને પૂર્ણ વીર્ય એમ અનંત ચતુષ્ટય પ્રગટ થઈ જાય છે. करि पूरन थिति आउ.....અઘાતિકર્મ બાકી હતાં તેમાં પણ તેની સ્થિતિ પૂરી થતાં મનુષ્યઆયુ પૂરું કરી પોતાની અનન્ય પ્રભુતાને ધારણ કરે છે—इहि विधि अनन्य प्रभुता धरत..... આ વિધિથી આત્મા પોતાની પૂર્ણ પ્રભુતાને ધારણ કરે છે.

બહારમાં સુધારા-વધારા કરી દઉં, પૈસા ભેગા કરીને ઘણાં કામ કરી લેવા છે એવા બધાં ભાવ છે તે મિથ્યાત્વ છે. જગત પાસેથી પૈસા લઈને પાઠશાળા ચલાવું, પારકા કામ કરું, બીજાંને સુધારું એ બધો મિથ્યાત્વભાવ છે.

શ્રોતા :—જગત શી રીતે સુધરે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જગતના જીવો પોતે પોતાથી સુધરે તો સુધરી શકે, કોઈ તેને સુધારી ન શકે. પરની પર્યાયને હું બનાવું એ તો મિથ્યાત્વભાવ છે.

અહીં તો પોતાના અવલંબનથી જ શુદ્ધતાના અંશથી લઈને પૂર્ણતા પ્રગટ થાય છે એ વાત છે. સાદિ અનંત અનંત સમાધિનું સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય આ એક જ છે. प्रगटि बूंदि सागर थयौ અનુભવનો બુંદ પ્રગટ થયો હતો તેમાંથી આ કેવળજ્ઞાનનો સાગર પ્રગટ થઈ જાય છે. અંતરમાં વસ્તુસ્વભાવમાં જે કેવળજ્ઞાન અને અનંતઆનંદ પડ્યો છે તેમાંથી અનુભવ થતાં જે અંકુર ફૂટ્યો તેમાંથી કેવળજ્ઞાન અને સિદ્ધપદનો સમુદ્ર પ્રાપ્ત થાય છે.

એ સિદ્ધદશા કેવી છે?—અવિચલ છે, અખંડ છે, અનુભય છે અને અક્ષય છે. સિદ્ધદશા પ્રગટ થઈ તે હવે કદી ચળવાની નથી એવી અચલ છે. પર્યાયની પૂર્ણતા પ્રગટ થઈ છે તેમાં ક્યાંય ખંડ નથી એવી અખંડદશા છે. સિદ્ધપદમાં કોઈ ભય નથી માટે તે અનુભય છે અને અક્ષય છે માટે તેનો હવે કદી ક્ષય થવાનો નથી. સિદ્ધપદનો ઉત્પાદ થયો તે વ્યય વિનાનો છે તેથી સિદ્ધપદનો કદી વ્યય નહિ થાય અને સંસારનો વ્યય થયો તેનો હવે કદી ઉત્પાદ નહિ થાય.

અહો! આવો જીવપદાર્થ જગતમાં જયવંત થાય છે કે જેણે સમ્યગ્દર્શન પૂર્વક આગળ આનંદનો વધારો કરીને પ્રચુર સ્વસંવેદનરૂપ ચારિત્ર–મુનિદશા દ્વારા અતીન્દ્રિય આનંદની વૃદ્ધિ કરીને પૂર્ણદશા પ્રગટ કરી તે જયવંત વર્તે છે. જેને 'સિદ્ધ ગતિ' થઈ તેને 'આગતિ' ન રહી. સિદ્ધગતિમાંથી ફરી બહાર નીકળીને સંસારમાં આવવાનું ન રહ્યું.

જ્યાં સુધી પોતે હીણી દશા કરતો હતો ત્યાં સુધી જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનું નિમિત્ત હતું, બાકી, જ્ઞાનાવરણી કર્મ આત્માના જ્ઞાનનો નાશ કરે છે એમ ત્રણકાળમાં નથી. પરદ્રવ્ય આત્માને નુકશાન કરે એમ ત્રણકાળ ત્રણલોકમાં કદી બની શકતું નથી. પોતે જ્ઞાનની દશા હીણી કરે ત્યારે જ્ઞાનાવરણી કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. એ જ રીતે દર્શન ઉપયોગને જીવ પોતે હીણો કરે ત્યારે દર્શનાવરણી કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. સુખ–દુ:ખની કલ્પના પોતે કરે ત્યારે તેને વેદનીય કર્મનું નિમિત્ત કહેવામાં આવે છે. તેની સાથે મોહ પણ સુખ-દુ:ખની કલ્પનાનું કારણ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે જીવ પોતે પરિણમે ત્યારે તેને દર્શનમોહ અને ચારિત્રમોહનું નિમિત્ત છે. કર્મ કાંઈ આત્માને હીણો કરી દે છે એમ નથી.

પોતે પોતાના સ્વરૂપનો લાભ લેતો નથી ત્યારે લાભાંતરાયકર્મનું નિમિત્ત હોય છે. સ્વરૂપનો ભોગ ન કરે ત્યારે ભોગાંતરાયકર્મનું નિમિત્ત હોય છે. સ્વરૂપનો વારંઆર ભોગ કરવો જોઈતો હતો તે નથી કરતો ત્યારે ઉપભોગ-અંતરાયકર્મનું નિમિત્ત કહેવાય છે. પણ કર્મ આત્માને કાંઈપણ નુકશાન કરી શકે છે એ વાત ત્રણકાળ ત્રણલોકમાં શક્ય નથી. આવી વસ્તુસ્થિતિ છે તે સ્થિતિને અનુભવમાં લઈને જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું તેનું શું પ્રગટ થાય છે તે હવેના પદ્યમાં કહે છે.

'આઠ કર્મોના નાશપૂર્વક આઠ ગુણોનું પ્રગટ થવું.'

ग्यानावरनीके गयैं जानियै जु है सु सब,
दर्शनावरनके गयैतें सब देखियै।
वेदनी करमके गयैतें निराबाध सुख,
मोहनीके गयैं सुद्ध चारित विसेखियै॥
आउकर्म गयैं अवगाहना अटल होइ,
नामकर्म गयैतें अमूरतीक पेखियै।
अगुरु अलघुरूप होत गोत्रकर्म गयैं,
अंतराय गयैतें अनंतबल लेखियै॥५३॥

પહેલાં ઉપાદાનથી વાત લીધી કે શુદ્ધતાના આશ્રયે ક્રમે ક્રમે સિદ્ધપદ પ્રાપ્ત થાય છે. હવે આ પદ્યમાં નિમિત્તની વાત કરી છે. શુદ્ધ સ્વભાવનો આશ્રય કરતાં જ્ઞાનાવરણાદિ નિમિત્તો છૂટતાં જાય છે. આત્મા તે નિમિત્તોને છોડે છે–એમ નથી. જડકર્મો તો જગતના સ્વતંત્ર પદાર્થ છે તેને ગ્રહે કોણ અને છોડે કોણ! એ તો સ્વયં છૂટે છે. આત્મા જ્ઞાનાવરણીનો નાશ કરે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. આત્મામાં જ્ઞાનાનંદની દશાની પૂર્ણતા થતાં

જ્ઞાનાવરણી કર્મ સ્વયં અકર્મરૂપ થઈ જાય છે ત્યારે તેનો નાશ આત્માએ કર્યો એમ કહેવાય છે. કેવળજ્ઞાન થતાં ત્રણકાળ ત્રણલોકનું જાણવું થવા લાગે છે.

શ્રોતા :—કેવળજ્ઞાનમાં જણાય છે એમ જ જગતમાં થાય છે તો પુરુષાર્થ કાંઈ ન રહ્યો ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—કેવળજ્ઞાનમાં જણાય છે એમ જ જગતમાં થાય છે પણ એ કેવળજ્ઞાનને કોણ માની શકે? કે જે પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં અખંડાનંદમૂર્તિને લે છે–અનુભવે છે તે જ કેવળજ્ઞાનને માને છે. એ જ પુરુષાર્થ છે.

એક જણે પ્રશ્ન કર્યો હતો કે ક્રમબદ્ધની વાત કરો ને! તો કીધું, જગતના પદાર્થની અવસ્થા જે કાળે જે થવાયોગ્ય હોય તે થયા જ કરે છે પણ તેને માનનારો કોણ હોય? કે જેની દૃષ્ટિ નિમિત્ત ઉપરથી ખસી, રાગથી ખસી, એક સમયની પર્યાયથી ખસી, ત્રિકાળ જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ પડે અને અનુભવ થાય ત્યારે તેને ક્રમબદ્ધનું સાચું જ્ઞાન થાય છે. આકરી વાત છે. ક્રમબદ્ધમાં કર્તાપણાનો નાશ છે. જ્ઞાતાપણાનું ઉત્પન્ન થવું છે. ક્રમે ક્રમે જે સમયે જે રાગ થાય તેને પણ ક્રમબદ્ધ માનનારો જાણનાર રહે, કર્તા ન થાય. હું પરનું કરી દઉં.....રાગ કરું....એમ માનનારે ક્રમબદ્ધને માન્યું નથી.

દર્શનાવરણી કર્મના અભાવથી કેવલદર્શન થાય છે એટલે કે જેણે સ્વભાવનો આશ્રય લઈને કેવલદર્શન પ્રગટ કર્યું તેને દર્શનાવરણી કર્મ સ્વયં નષ્ટ થઈ જાય છે. આત્મા તે કર્મનો નાશ કરતો નથી. અરે! આત્મા રાગનો પણ નાશ કરતો નથી તો કર્મ તો પરદ્રવ્ય છે તેનો નાશ આત્મા શી રીતે કરે! કર્મ બાંધવું કે નાશ કરવો એ આત્માના સ્વભાવમાં જ નથી. પરમાર્થે આત્મા રાગનો નાશ કરનાર પણ નથી. જો રાગનો નાશ કરનાર થાય તો તો રાગની એને દૃષ્ટિ થઈ. આત્મા તો રાગરહિત તત્ત્વ છે. રાગ તો આસ્રવતત્ત્વ છે અને આત્મા જ્ઞાયકતત્ત્વ છે. એ બંને તત્ત્વને એક માને એ તો મૂઢ છે. આકરી લાગે તેવી વાત છે.

સિદ્ધભગવાનને વેદનીય કર્મના અભાવપૂર્વક નિરાબાધ–અવ્યાબાધ ગુણ પ્રગટ થાય છે, વેદનીય કર્મ ખસી જાય છે. મોહનીયમાં દર્શનમોહનો અભાવ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થયું હતું અને પછી ચારિત્રમોહનો અભાવ થતાં ચારિત્ર પ્રગટ થયું. ચારિત્ર તો પોતાના પુરુષાર્થથી પ્રગટ થયું છે પણ ત્યારે ચારિત્રમોહનો નાશ થાય છે અને પોતાના આનંદમાં રમણતા થાય છે. આયુ કર્મના અભાવથી ટળે નહિ તેવી અવગાહના પ્રાપ્ત થાય છે. તે અવગાહનત્વગુણ છે. નામ કર્મના અભાવથી સિદ્ધને અમૂર્તિકપણું હોય છે. અમૂર્તસ્વભાવ હતો તે પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગયો. ગોત્ર કર્મના અભાવથી સિદ્ધને અગુરુલઘુપણું પ્રાપ્ત

હોય છે. સિદ્ધમાં કોઈ નાના-મોટાપણું હોતું નથી. સિદ્ધભગવાનને આઠ કર્મના અભાવપૂર્વક આવી દશા હોય છે.

સમ્યગ્દર્શન થતાં આઠેય કર્મના અંશનો નાશ હોય છે અને સિદ્ધદશા થતાં આઠેય કર્મનો પૂર્ણ નાશ હોય છે. સિદ્ધને અનંત અંતરાય નાશ થઈ ગયો છે અને અનંત પુરુષાર્થ પ્રગટ છે. તેથી કહ્યું કે अंतराय गयैं तैं अनंतबल लेखिये।

આ રીતે સિદ્ધભગવાનને અષ્ટગુણ હોય છે. આમ તો, અનંત ગુણ પૂર્ણ પ્રગટ છે પણ આઠ કર્મના નિમિત્તમાં આઠ ગુણની પર્યાય હીણી હતી તે પૂર્ણ પ્રગટ થઈ ગઈ તેથી વ્યવહારે સિદ્ધને આઠ ગુણ પ્રગટ્યા કહેવાય છે. નિશ્ચયથી તો અનંત ગુણો નિર્મળ છે.

હવે આ ૯મા અધિકારનો સાર કહે છે.

પ્રગટ હો કે મિથ્યાત્વ જ આસ્રવ બંધ છે અને મિથ્યાત્વનો અભાવ અર્થાત્ સમ્યક્ત્વ તે સંવર, નિર્જરા તથા મોક્ષ છે. અહીં ખૂબી શું છે કે મિથ્યાત્વને જ આસ્રવ-બંધ ગણવામાં આવ્યો છે. અવ્રત, પ્રમાદ, કષાય આદિ તો સાધારણ છે તેની અહીં ગણતરી જ ગણી નથી. એ તો સામાન્ય પાપ છે. મિથ્યાત્વ જ મહાપાપ છે. કષાયખાના માંડવાના પાપ કરતાં પણ આ મિથ્યાત્વનું પાપ અનંતગણું છે.

સમ્યગ્દર્શન થતાં એ જીવ એક પણ રજકણ કે રાગની ક્રિયાનો કર્તા થતો નથી. કર્તા થાય તો મિથ્યાત્વ છે. એ આસ્રવ-બંધ છે. લોકોને બાહ્યક્રિયાની એટલી કિંમત છે કે અમે વ્યવહાર પણ પાળીએ અને નિશ્ચયની શ્રદ્ધા રાખીએ એ અમારો અનેકાંત છે એમ માને છે. ભાઈ! એ અનેકાન્ત નથી. વ્યવહાર એટલે રાગ. એને પાળવો છે એવો ભાવ મિથ્યાત્વ છે. વીતરાગનો માર્ગ વીતરાગભાવથી શરૂ થાય છે. રાગના ભાવથી શરૂ થાય એ વીતરાગમાર્ગ નથી.

મિથ્યાત્વ જ આસ્રવ-બંધ છે એમ કહ્યું છે તો એકાંત નહિ થતું હોય! ના. ભગવાનના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવને ભૂલીને ક્યાંય પણ સ્વામીપણું મનાય તે મિથ્યાત્વભાવ જ છે તેનાથી જ આસ્રવ-બંધ થાય છે. ભલે તે ક્રિયા શુભ હોય–વ્રતાદિ પાળતો હોય, આજીવન બ્રહ્મચર્ય પાળતો હોય પણ એ શુભરાગની રુચિ છે અને સ્વભાવની રુચિ નથી તો મિથ્યાત્વ જ છે.

મને કોઈ પાસેથી લાભ થાય એવી હું ચીજ નથી. તેમ જ હું બીજાને લાભ પમાડું એવી હું ચીજ નથી, મને કોઈ નુકશાન કરી શકે એવો હું નથી. હું બીજાને નુકશાન કરી

શકુ એવો હું નથી. માટે, હું પરને લાભ-નુકશાન આપું કે મને પરદ્રવ્ય લાભ-નુકશાન આપે એવી માન્યતા તે મિથ્યાત્વભાવ છે એ જ આસ્રવ અને બંધ છે. વીતરાગ સિવાય આવી વાત બીજે ન હોઈ શકે. દુનિયા અનેક પ્રકારે માને છે તે વીતરાગમાર્ગ નથી. જૈનના સાધુ સિવાય કોઈ સાધુ સાચા હોઈ શકે જ નહિ. કારણ કે જૈન એટલે વસ્તુસ્વરૂપ છે.

'જિન સો હી હૈ આતમા, અન્ય સો હી કર્મ,
યે હી વચનસે સમજ લે, જિનપ્રવચનકા મર્મ.'

આત્મા જિનસ્વરૂપ વીતરાગમૂર્તિ છે. તેમાં રાગ ન હોય. વીતરાગસ્વભાવમાંથી જ વીતરાગતા આવે છે. બહારથી નથી આવતી. વીતરાગસ્વભાવની વાત વીતરાગમાર્ગમાં જ હોય, બીજે ન હોઈ શકે?

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચેય બંધના કારણ હોવા છતાં બંધનું મુખ્ય કારણ મિથ્યાત્વ જ છે. બીજાં કારણો ગૌણ છે. મિથ્યાત્વનો અભાવ એ જ સમકિત, સંવર, નિર્જરા અને મોક્ષ છે. મિથ્યાત્વનો નાશ થતાં સમકિતરૂપી સંવરદશા અને સંવરપૂર્વક શુદ્ધતાના કારણે અશુદ્ધતાનો નાશ થાય છે અને પૂર્ણ શુદ્ધતા થતાં મોક્ષ થાય છે. જુઓ! શુ કીધું! સમકિત પોતે સંવર-નિર્જરા અને મોક્ષ છે અને મોક્ષ એ જ જીવનો સ્વભાવ છે અર્થાત્ જીવની કર્મમળ રહિત અવસ્થા છે.

નિશ્ચયથી વિચારવામાં આવે તો જીવનો મોક્ષ થતો નથી. કેમ કે નિશ્ચયનયમાં જીવ બંધાયો નથી. પર્યાય અપેક્ષાએ જીવને બંધન છે અને મુક્તિ થાય છે. વસ્તુઅપેક્ષાએ તો જીવ અબંધ જ છે.

આત્માને રાગનું બંધન કહેવું એ તો વ્યવહાર છે. તેથી રાગનો અભાવ કરવો અને મુક્તિ થવી એ પણ વ્યવહાર છે. રાગનું પરિણમન પર્યાયમાં છે તે છૂટીને મુક્તિ–સિદ્ધદશા પણ પર્યાયમાં છે માટે વ્યવહાર છે. નિશ્ચયથી જોઈએ તો આત્મા અબંધ છે માટે તેને છૂટવાનું પણ ક્યાં રહ્યું! જીવનો મોક્ષ થયો એ કથન વ્યવહારથી છે.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ મુક્તસ્વરૂપ જ છે. તેનો આશ્રય કરતાં પર્યાયમાં મુક્તિ થાય તે વ્યવહાર છે. જીવ તો સ્વભાવે હંમેશા મોક્ષસ્વરૂપ જ છે. શ્રીમદ્‌માં આવે છે કે જીવનો મોક્ષ સમજાય છે, મોક્ષ થતો નથી.....'દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કે જીવનો મોક્ષ થતો નથી પરંતુ મોક્ષ સમજાય છે.' શ્રીમદે જે રીતે કહ્યું છે તે જ રીતે અહીં કહે છે કે જીવ શુદ્ધસ્વરૂપી છે તેને બંધ થયો જ નથી માટે મોક્ષ થવાપણું ક્યાં રહે!

જીવે માનેલું છે કે 'હું બંધાયેલ છું' તે માનવું વિચાર વડે સમજાય છે કે, મને બંધન નથી, માત્ર માન્યું હતું તે માન્યતા શુદ્ધસ્વરૂપ સમજવાથી રહેતી નથી. માટે મોક્ષ સમજાય છે આ વાત નિશ્ચયનયની છે. પણ જો પર્યાયાર્થિકનયવાળાઓ આ નયને વળગી આચરણ કરે તો રખડી મરવાના છે, કારણ કે પર્યાય અપેક્ષાએ વર્તમાનમાં મુક્તિ નથી. નિશ્ચયનયથી મુક્તિ છે. શ્રીમદ્‌ના ૩૨મા વર્ષમાં આ ૮૦મો બોલ છે ઈ જ વાત અહીં આવી છે.

ભગવાન આત્મા ત્રિકાળ વિકલ્પના વ્યવહારથી રહિત સ્વરૂપ છે. ૧૪-૧૫ ગાથામાં સમયસારમાં આવ્યું ને! જેણે આત્માને અબદ્ધ અને અસ્પર્શ જાણ્યો, માન્યો અને અનુભવ્યો એ જૈનશાસન છે. લોકોને વ્યવહારનો પક્ષ એટલો થઈ ગયો છે કે તેમાંથી નીકળવું મુશ્કેલ પડે છે.

પરમાત્મપ્રકાશમાં પણ કહ્યું છે કે વ્યવહારથી બંધ અને મોક્ષ છે. નિશ્ચયથી જીવને બંધ અને મોક્ષ નથી. જે બંધાયેલો નથી તેને બંધાયેલો કહેવો તે ગાળ છે. ભગવાન આત્મા પૂર્ણાનંદપ્રભુ વસ્તુસ્વભાવે મુક્ત જ છે તેનું અવલંબન લઈને જે મુક્તપર્યાય પ્રગટે તે વ્યવહાર છે, ત્રિકાળદ્રવ્ય તે નિશ્ચય છે. *(ક્રમશઃ)*

જો કોઈ જીવ અપશબ્દોનો પ્રયોગ કરે છે તો વિવેકી સાધુ એમ વિચારે છે કે આ મનુષ્યે મને ક્રોધથી માત્ર ગાળ જ આપી છે, મારેલ તો નથી. જો તે મારવા લાગી જાય તો તે સાધુ આમ વિચારે છે કે તેણે મને માત્ર માર્યો જ છે, પ્રાણોનો નાશ તો નથી કર્યો. પરંતુ જો તે પ્રાણોનો નાશ કરવામાં ઉદ્યત થઈ જાય તો તેઓ એમ વિચારે છે કે આણે ક્રોધને વશીભૂત થઈને માત્ર મારા પ્રાણોનો જ નાશ કર્યો છે પરંતુ મારા પ્રિય ધર્મનો તો નાશ નથી કર્યો; માટે મારે આ બિચારા અજ્ઞાની પ્રાણી ઉપર ક્રોધ કરવો ઉચિત નથી કારણ કે ક્રોધ ધર્મનો નાશ કરે છે અને પાપનો સંચય કરે છે એમ સમજી બુદ્ધિમાન સાધુ ક્ષમા જ કરે છે.

*(શ્રી સુભાષિતરત્નસંદોહ)*

### પરિગ્રહનું સૂક્ષ્મ સ્વરૂપ

# સિદ્ધનું ધ્યાન પણ પરિગ્રહ છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૩૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૯૧ ગાથા છે. તેમાં પરિગ્રહની વ્યાખ્યા, તેના પ્રકાર અને કેટલા પરિગ્રહ દોષના નિમિત્ત છે અને કેટલા પરિગ્રહ દોષસ્વરૂપ છે તેનું વર્ણન છે.

પોતાના શુદ્ધ વીતરાગ જ્ઞાનાનંદ સ્વરૂપથી બાહ્ય એવા શુભવિકલ્પ હો અશુભરાગ હો—એ પણ પરિગ્રહ જ છે, પોતાનું સ્વરૂપ નથી તથા કર્મ અને શરીર આદિ બાહ્ય પદાર્થ છે તે જીવને દોષમાં નિમિત્ત છે માટે તે પણ પરિગ્રહ છે.

સમ્યગ્દૃષ્ટિએ આ શુભાશુભરાગરૂપ પરિગ્રહ અને શરીર, કર્માદિ પરિગ્રહ મારા છે એવી માન્યતા છોડી દીધી છે અને મુનિને તો બાહ્યથી સર્વ સંગ પણ છૂટી ગયો છે છતાં જો શુભાશુભરાગમાં અને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં મમત્વ કરે તો તેણે છોડી દીધેલું ફરી ગ્રહણ કર્યું હોવાથી વમન ગ્રહ્યું એમ કહેવાય છે.

જુઓ! પરિગ્રહ કેટલા પ્રકારે છે! એક તો શરીર, કર્મ અને સ્ત્રી, પુત્રાદિ પરિગ્રહ, બીજું શુભાશુભભાવ એ પણ પરિગ્રહ છે અને ત્રીજું, અહીં તો પોતાના સ્વરૂપને છોડીને ભગવાન સિદ્ધનું ધ્યાન કરે છે તો એ પણ એક વિકલ્પરૂપ પરિગ્રહ છે એમ લીધું છે. કેમકે એ પણ એક દોષ છે–રાગ છે–વિકલ્પ છે માટે તેને પરિગ્રહ કહ્યો છે.

આત્મા વીતરાગસ્વરૂપ મૂર્તિ છે. તેની દૃષ્ટિમાં પોતાના સ્વભાવના આશ્રય સિવાય બીજી ચીજ તો પરિગ્રહ છે જ પણ સ્વાશ્રય છોડીને સિદ્ધપરમાત્માનું લક્ષ કરવું એ પણ પરદ્રવ્યાશ્રિત વિકલ્પ છે માટે દોષ છે–પરિગ્રહ છે.

સૂક્ષ્મ વાત છે ભાઈ! અનંતકાળથી એણે મારી ચીજ શું છે અને મારાથી બાહ્ય બીજી ચીજ શું છે તેનું અંતરથી ભેદજ્ઞાન કર્યું નથી તેથી સૂક્ષ્મ લાગે. જ્યાં વિકલ્પને પણ પરિગ્રહ કહ્યો છે ત્યાં સ્ત્રી, પુત્ર, કલત્ર આદિ તો બહુ દૂર રહી ગયા. ભગવાન! તું તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વસ્તુ છો. શુભ કે અશુભવિકલ્પ અને પરદ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થતી વાસનાઓથી રહિત એકલો ચિદાનંદ ભગવાન જ તારે પકડવા યોગ્ય–ગ્રહવા યોગ્ય

પરિગ્રહ છે. એ જ તારી ચીજ છે. એ જ દૃષ્ટિ કરવા લાયક છે. એ જ તારે આશ્રય કરવા લાયક છે.

અહીં તો યોગીન્દુદેવ એ કહે છે કે એકવાર સ્વભાવનો આશ્રય લઈને શુભાશુભ વિકલ્પનો પરિગ્રહ છોડ્યા પછી ફરી તેને ગ્રહણ કરે છે એવા જિનલિંગધારીએ વમનનું ગ્રહણ કર્યું એમ કહેવાય છે. ભોજન કર્યા પછી ખાધેલું પાછું આવે તે 'વમન' કહેવાય, તેને કૂતરા ખાય પણ માણસ ન ખાય.

આ તો વીતરાગી માર્ગ છે. અનંતકાળમાં કદી એને સમજમાં આવ્યો નથી. ક્રિયાકાંડ કરીને લોકો એને વીતરાગમાર્ગ માની લે તો કાંઈ એ માર્ગ નથી. મુનિ થઈને સચિત્ત, અચિત્તના પરિગ્રહનો ત્યાગ કર્યા પછી તેને મારા છે એમ માનવા લાગે તો એણે તે મિથ્યાત્વ પરિગ્રહ ગ્રહી લીધો. પરદ્રવ્ય ત્રણકાળમાં કદી સ્વદ્રવ્ય થતું નથી. મોરપીંછી, કમંડલ આદિ ઉપકરણ પણ પરદ્રવ્ય છે, મુનિને દયાના સાધન છે તેને પણ પોતાના માની લે—પોતાના સ્વભાવની અધિકતા છોડીને ઉપકરણોની અધિકતા દૃષ્ટિમાં લઈ લે તો એણે તો પરદ્રવ્યથી પોતાને ધર્મ માન્યો. પીંછી, કમંડલથી જ મારો ધર્મ સચવાય છે એવી મિથ્યાબુદ્ધિ થઈ ગઈ છે પણ અભ્યંતરમાં ચૈતન્યસ્વભાવનો આશ્રય અને લક્ષ છોડીને એકલા સિદ્ધનું ધ્યાન કરે અને તેને જ પોતાનું સ્વરૂપ માની લે તો એ પણ મિથ્યાત્વનો પરિગ્રહ છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને સિદ્ધ ભગવાનનું લક્ષ આવતાં તેમના સ્વરૂપનો વિચાર કરે એ મિથ્યાત્વ પરિગ્રહ નથી પણ ચારિત્રનો દોષ છે. જો સિદ્ધના ધ્યાનનો.....ઓમ.... ઓમ....ના જાપનો જ એકાંત આશ્રય લઈ લે કે મને એનાથી જ ધર્મ થશે તો એ મિથ્યાત્વનો પરિગ્રહ છે. અહીં તો યોગીન્દુદેવ પરમાત્માનો પ્રકાશ આપતાં કહે છે કે જો સ્વનો આશ્રય છોડીને એકલા પરનો આશ્રય લઈને, તેનાથી જ ધર્મ થઈ જશે એમ માને છે તો એ તો મિથ્યાત્વ થઈ ગયું, એ જ મોટો પરિગ્રહ છે પણ જો પરના આશ્રયે ધર્મ થવાની માન્યતા ન હોય, સ્વનો આશ્રય હોય પણ તેમાં સ્થિરતા ન હોય ત્યારે સિદ્ધનું લક્ષ આવતાં સિદ્ધ પરમાત્માની સ્મૃતિ આવે છે તો એ (ભૂમિકાને યોગ્ય) ચારિત્રદોષ છે. એ પણ પરિગ્રહ છે માટે તે દોષ પણ નીકળ્યા પછી આત્મામાં વીતરાગતારૂપી નિસ્પરિગ્રહપણું આવે છે.

દોષને દોષ જાણીને પકડે નહિ તો એ માર્ગમાં છે પણ જો દોષને પકડીને તેનાથી આત્માને લાભ માને તો તો એ મિથ્યાત્વનો દોષ થઈ ગયો.

એક માત્ર પોતાના શુદ્ધ અખંડ એક જ્ઞાયકના આશ્રયથી જ સમ્યગ્દર્શન થાય છે, તેના આશ્રયથી જ ચારિત્ર થાય છે, તેના આશ્રયથી જ શુક્લધ્યાન થાય છે અને તેના આશ્રયથી જ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પોતાના જ્ઞાયકના આશ્રય સિવાય અન્ય કોઈના આશ્રયથી શુદ્ધિ થતી નથી. કુંદકુંદઆચાર્ય તો ત્યાં સુધી કહે છે કે વિકલ્પના આશ્રયથી તો નહિ પણ પોતાના ક્ષયોપશમજ્ઞાનની દશાના આશ્રયથી પોતાને લાભ થશે એમ માનવું એ પણ મિથ્યાત્વ છે. પરદ્રવ્યના આશ્રયે સમ્યક્ત્વ તો ન થાય પણ પરદ્રવ્યના આશ્રયે પંચમહાવ્રત આદિ પળાય છે તેનાથી મને ચારિત્ર પ્રાપ્ત થશે એવી માન્યતા પણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વમાં પરદ્રવ્ય, વિકલ્પ આદિની પક્કડ કરી લે છે એ જ પરિગ્રહ છે. મને રાગની મંદતા થાય તો મને સમ્યગ્દર્શન થશે–એવી માન્યતા પણ મિથ્યાત્વનો પરિગ્રહ છે.

સ્વના આશ્રયે એકવાર સમ્યક્ત્વ અને મુનિપણું તો લઈ લીધું પણ ત્યાં જે પંચમહાવ્રત આદિનો રાગ ઊઠે છે તેનાથી જ મારું ચારિત્ર છે એમ માની લીધું તો એણે વમનનું ગ્રહણ કર્યું છે. ત્યાગેલા ભાવને ફરી ગ્રહી લીધો છે. કષાયની મંદતા એ તો નિમિત્તરૂપે સાધન છે. નિશ્ચયસાધન પ્રગટ કરે તો તેને વ્યવહારે સાધન કહેવાય છે. વ્યવહારનય જ વ્યવહારને વ્યવહારસાધન કહે છે. સાચું સાધન તો નિશ્ચયસાધન જે કહે છે તે જ યથાર્થ છે. સ્વનો આશ્રય લેવો એ જ નિશ્ચય સાધન છે. સાથે ભક્તિ, વ્રતાદિનો વિકલ્પ આવે છે તેને વ્યવહાર કહેવાય. પણ તે પરિગ્રહ છે—ચારિત્રદોષ છે પણ સ્વ આશ્રયની દૃષ્ટિપૂર્વક હોવાથી તે ભાવ મિથ્યાત્વ નથી.

'જિનલિંગ'ના અર્થ બે પ્રકારે થાય છે. એક વીતરાગસ્વરૂપ આત્મા તે જિનલિંગ છે અને બીજો અર્થ—બાહ્ય દ્રવ્યલિંગને પણ જિનલિંગ કહેવાય છે. વીતરાગસ્વરૂપ આત્માની દૃષ્ટિ કર્યા પછી ફરી રાગની દૃષ્ટિ કરી લે છે તેણે છોડેલા વમનને ફરી ગ્રહી લીધો માટે તે નિંદાયોગ્ય છે. મુનિ થયા પછી ઘણા સારા શિષ્યો થઈ ગયા છે માટે હવે તેનાથી ધર્મપ્રભાવના સારી થશે એમ જેણે પરથી ધર્મનો લાભ થવાનું માન્યું તેણે પરથી સ્વમાં કાંઈ લાભ-નુકશાન થતું નથી એવી દૃઢતા છોડીને ફરી મિથ્યામાન્યતા કરી લીધી તેણે ફરી મિથ્યાત્વ પરિગ્રહ ગ્રહણ કરી લીધો. શિષ્યો મારા છે, ધર્મપ્રભાવના કરે છે એવો વિકલ્પ આવે તે મિથ્યાત્વ નથી પણ ચારિત્રદોષ છે. જો એ દોષને દોષ તરીકે ન સ્વીકારે અને તેનાથી લાભ માને તો મિથ્યાત્વ પરિગ્રહ થઈ જાય છે.

વીતરાગનો મારગ વીતરાગથી શરૂ થાય છે ભાઈ! જ્ઞાનીને સ્વનો આશ્રય છોડીને સિદ્ધ આદિ પંચપરમેષ્ઠીનો આશ્રય લઈને વિકલ્પ તો આવે છે પણ સ્વાશ્રયમાં જ લાભ

છે એવી માન્યતા છૂટતી નથી. દૃષ્ટિમાં તો એમ છે કે પરનો આશ્રય છોડી સ્વનો આશ્રય લઈ તેમાં ઉગ્રતા કરું તો મને વીતરાગતા થશે.

આ તો સત્ય જ આમ છે, એવું જ વીતરાગે જાણ્યું છે, એમ જ વાણીમાં આવ્યું છે અને એવું જ વસ્તુનું સ્વરૂપ છે. કોઈ કલ્પના કરે તે રીતે વસ્તુનું સ્વરૂપ ફરી જતું નથી.

પરદ્રવ્યનો વિચાર આવે તો મિથ્યાત્વનો દોષ નથી પણ પરદ્રવ્યનો વિચાર કરું તો મને લાભ થશે એવી માન્યતા તે મિથ્યાત્વનો દોષ છે. પરદ્રવ્યનો આશ્રય લેવા છતાં લાભ તો સ્વદ્રવ્યના આશ્રયથી જ છે એવી દૃષ્ટિપૂર્વક પરદ્રવ્યનો આશ્રય લે છે તે ચારિત્રનો દોષ છે પણ મિથ્યાત્વ નથી. આહાહા.....!

"વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ;
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ."

સમયસારમાં તો આચાર્યદેવે કડક ભાષામાં આ વાત કરી છે. ૩૯ થી ૪૩ ગાથામાં કહ્યું છે કે ચૈતન્યનું લક્ષણ તો રાગરહિત જ્ઞાન છે તે જ્ઞાન લક્ષણ વડે આત્મા જાણી શકાય છે એમ ન જાણતાં અજ્ઞાનીજનો બહુપ્રકારે પરને આત્મા કહે છે–બકે છે. શુભરાગ આવ્યો તે જ હું આત્મા છું એમ માનવાવાળા મૂઢ નપુંસક છે. દિગંબર સંતોને લોકો પાસે કાંઈ ફાળો તો કરાવવો ન હતો કે લોકોને રાજી રાખે. દુનિયાને રાજી કરવી કે દુનિયાથી રાજી થવું એ બંને દોષ છે. વીતરાગી સંતો વીતરાગીભાવે સત્યને પીરસે છે કે જ્ઞાન વડે જ મારો આત્મા જણાશે એમ નહિ માનતાં દયા, દાન, વ્રત, ભક્તિ આદિના રાગ વડે મારો આત્મા જણાશે એમ તે માન્યું છે તેથી તારું વીર્ય રાગને છોડવામાં નપુંસક થઈ ગયું છે. પાઠમાં <u>કલીબ</u> શબ્દ છે તેનો અર્થ અહીં નપુંસક કર્યો છે.

સમયસારના પુણ્ય-પાપ અધિકારની ૧૫૪ ગાથામાં પણ આ જ વાત કરી છે. ત્યાં <u>કલીબ</u>નો અર્થ નામર્દાઈ કરીને કહ્યું છે કે પોતાના વીતરાગસ્વરૂપ શુદ્ધ ચૈતન્યને પ્રાપ્ત કરવાની પ્રતિજ્ઞા લઈને પણ, શુભરાગરૂપ સામાયિકથી મને લાભ થશે એવી માન્યતાથી જેનું વીર્ય શુભરાગ છોડવા નામર્દ થઈ ગયું છે એવા જીવો સાચા મોક્ષમાર્ગને પામી શકતાં નથી.

આમ, સમયસારમાં અમૃતચંદ્ર-આચાર્યદેવે ૩૯ થી ૪૩ અને ૧૫૪ ગાથામાં સંસ્કૃત ટીકામાં આ વાત લીધી છે. દુનિયા રાજી રહો કે ન રહો તેની સાથે આચાર્યદેવને કાંઈ સંબંધ નથી. સત્યના રહસ્યને ખોલી દેવા એ જ સંતોનું કામ છે. વૈદ્ય રોગીને મીઠી દવા

દેવા બંધાયેલા નથી. વૈદ્ય તો કડવી દવા આપીને પણ રોગ મટાડે છે. તાવ આવ્યો હોય તેને શીરો ખાવાનું બતાવે છે એ તો તેને મોત આપનાર છે. તેમ રાગથી ધર્મ માનનારા ગુરુઓ અજ્ઞાનીને જિંદગી નિરર્થક જાય એવો રસ્તો બતાવે છે અને અજ્ઞાનીને અજ્ઞાનના કારણે એ વાત જ રુચે છે. જ્ઞાની તો કહે છે કે રાગની રુચિ છોડ્યા વિના અને સ્વનો આશ્રય લીધા વિના તને ધર્મ ત્રણકાળમાં નહિ થાય. કડવી દવા વિના કફ છૂટશે નહિ.

ભલે નગ્નમુનિ હો કે ધ્યાન કરવાવાળા ગૃહસ્થ શ્રાવક હો પણ પરદ્રવ્યના આશ્રયે સ્વદ્રવ્યમાં લાભ થશે એવું માનતા હશે તો તેને મિથ્યાત્વનો પરિગ્રહ છે. મુનિ તો તેને કહીએ કે જેને ક્ષણમાં અતીન્દ્રિય આનંદ આવે છે અને ક્ષણમાં વિકલ્પ આવે છે. વિકલ્પ આવે છે તેમાં રોકાતાં નથી. સિદ્ધના વિકલ્પ આવે તેને પણ દોષ જાણે છે. એ છોડવાથી મને વીતરાગતા થશે. વિકલ્પ કરતાં કરતાં વીતરાગતા નહિ થાય. એમ સંતો અંતરમાં જાણે છે, અજ્ઞાનીને આ વાતની ખબર નથી.

આ અધિકારની જ ૩૩મી ગાથામાં શિષ્ય ગુરુને પ્રશ્ન પૂછે છે કે આપ તો કહો છો કે શુદ્ધાત્માનું ધ્યાન કરે છે તે જ મોક્ષ પામે છે પણ ચારિત્રસાર આદિ ગ્રંથોમાં તે એમ કહ્યું છે કે દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરે છે તે કેવળજ્ઞાન પામે છે તો આ વિષયમાં મને સંદેહ છે. ત્યારે યોગીન્દુદેવ ગુરુદેવે કહ્યું કે ત્યાં પરમાણુ એટલે પુદ્‌ગલદ્રવ્યની વાત નથી પણ દ્રવ્યપરમાણુ અર્થાત્ સૂક્ષ્મતા અને ભાવપરમાણુ એટલે ભાવની સૂક્ષ્મતા કહેવી છે. ત્યાં પુદ્‌ગલપરમાણુની વાત નથી. તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકામાં પણ આવું જ કથન છે. જડ પરમાણુનો વિચાર–વિકલ્પ તો રાગ છે. માટે દ્રવ્યપરમાણુ કહેતાં પુદ્‌ગલની વાત ન સમજવી. દ્રવ્યપરમાણુ એટલે પોતાનું અખંડસ્વરૂપી દ્રવ્ય અને ભાવપરમાણુ એટલે ગુણ-પર્યાયની સૂક્ષ્મતા. આમાં, અન્ય દ્રવ્યની વાત ન સમજવી. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની સૂક્ષ્મતાનું ધ્યાન કેવળજ્ઞાનનું કારણ છે. આ ધ્યાન રાગાદિ વિકલ્પની ઉપાધિથી રહિત છે તેને સૂક્ષ્મપણું કેમ હોઈ શકે? એમ શિષ્યને પ્રશ્ન ઊઠ્યો તેનું સમાધાન આ પ્રમાણે છે :

આત્મદ્રવ્ય મન અને ઈન્દ્રિયોને અગોચર હોવાથી સૂક્ષ્મ કહેવાય છે તથા ભાવ (સ્વસંવેદન પરિણામ) પણ પરમસૂક્ષ્મ છે, વીતરાગ નિર્વિકલ્પ પરમસમરસીભાવરૂપ છે ત્યાં મન અને ઈન્દ્રિયોને ગમ્ય નથી માટે સૂક્ષ્મ છે. આત્મા ત્રિકાળ વીતરાગ સ્વરૂપ અરૂપી દ્રવ્ય છે તે તો દ્રવ્યની સૂક્ષ્મતા છે અને શુભાશુભ રાગના વેદનથી રહિત સમ્યગ્દર્શનમાં અરૂપી સ્વસંવેદન થાય છે તેનું નામ ભાવની સૂક્ષ્મતા અથવા ભાવપરમાણુ છે.

હવે શિષ્ય ફરી પ્રશ્ન પૂછે છે કે આપે પરદ્રવ્યના અવલંબનરૂપ ધ્યાનનો નિષેધ કર્યો અને નિજશુદ્ધાત્માના ધ્યાનથી જ મોક્ષ કહ્યો. તો આવું કથન કઈ જગ્યાએ કહ્યું છે? તો કહ્યું કે સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદસ્વામીએ કહ્યું છે કે आत्मनमात्मा आत्मन्येवात्मनासौ क्षणमुपज-नयन स स्वयंभू प्रवृतः પૂજ્યપાદસ્વામી કે જેણે તત્ત્વાર્થશ્લોકની ટીકા કરી છે તેઓ સમાધિ-શતકમાં કહે છે કે આત્મા પોતાના સ્વરૂપને આત્મામાં જ આત્મા દ્વારા એક ક્ષણમાત્ર પણ નિર્વિકલ્પ સમાધિપૂર્વક આરાધતા થકા સર્વજ્ઞ વીતરાગ થઈ જાય છે. પોતાના આત્માના આશ્રયે જ સમ્યગ્દર્શન–જ્ઞાન અને શાંતિ થાય છે. પરદ્રવ્યના આશ્રયે તો વિકલ્પ જ ઉઠે છે, તે દોષ છે, તેને ગુણ માનવા એ તો મિથ્યાત્વ છે. સમ્યગ્દષ્ટિને સિદ્ધના અને છ દ્રવ્યના વિકલ્પો આવે છે પણ તે સમજે છે કે હું કમજોરીના કારણે સ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી તેથી દ્રવ્યોના વિકલ્પ આવે છે પણ તે પરિગ્રહ છે, મારું સ્વરૂપ નથી.

આમ, જીવ સિવાય પાંચ દ્રવ્યોનો વિચાર તે અચેતપરિગ્રહ છે, સિદ્ધ આદિ પરમેષ્ઠીનો વિચાર તે સચેતપરિગ્રહ છે અને ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસમાસ આદિનો વિચાર તે મિશ્રપરિગ્રહ છે. પહેલાં ગુણસ્થાને કેવી દશા હોય, ચોથા ગુણસ્થાને કેવી દશા હોય, તેરમા-ચૌદમા ગુણસ્થાને કેવી દશા હોય એવા વિચારમાં રાગ પણ છે અને પવિત્રતા પણ છે માટે તે મિશ્રપરિગ્રહ છે. માર્ગણાના વિચારમાં જીવ ક્યાં ક્યાં છે, ભવ્ય છે કે અભવ્ય છે.....એવો વિચાર કરવો તે મિશ્રપરિગ્રહરૂપ રાગ છે. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી આવો રાગ તો આવશે પણ તે દોષરૂપ છે એમ સ્વીકાર આવવો જોઈએ.

દેવ-શાસ્ત્ર-ગુરુ તો જીવને મોક્ષની દિશા દેખાડીને અળગા રહે છે, દેવ-શાસ્ત્ર-ગુરુ એને ચલાવી દેતાં નથી કે સાથે ચાલતાં નથી. માટે પરદ્રવ્ય સંબંધી રાગ આવે તેને દોષરૂપ સ્વીકારવો. સ્વાશ્રયથી જ સુખ છે, પરાશ્રયથી સુખ નથી એવો નિર્ણય પોતે કરવો અને જેટલો પરાશ્રિત વિકલ્પ આવે તેને દોષરૂપ જાણવો. જો તેને ગુણરૂપ માનશે તો વીતરાગતા પ્રાપ્ત નહિ થાય, મિથ્યાદૃષ્ટિ થઈ જઈશ.

આ તો પરમાત્મપ્રકાશ છે ને! જેટલો પરમ જ્યોત પરમાત્માનો આશ્રય લીધો એટલો જ લાભ છે તે સિવાય જેટલો પરાશ્રય લીધો એટલો દોષ છે. ભજનમાં આવે છે કે પ્રભુ! હું શું કરું! આપ તો બહુ આકરી વાત કરો છો. આપનો આશ્રય લઉં તેને પણ દોષરૂપ બતાવો છો, અમારે કરવું શું? ગુરુ કહે છે ભગવાન! તારે પ્રથમ જ સ્વચૈતન્યની દૃષ્ટિ કરવી અને તેનું અવલંબન લેવું. જેટલું પરનું અવલંબન આવે તેટલો દોષ સ્વીકારવો. કારણ કે પરના અવલંબને રાગી જીવને રાગ આવ્યા વગર રહેતો નથી.

માર્ગણાસ્થાનમાં જ્ઞાનમાર્ગણામાં મતિ, શ્રુત આદિ જ્ઞાનના પાંચ ભેદ આવે છે તેમાં કેવળીના સ્વરૂપનો વિચાર કેર તે પણ રાગ જ છે. સ્વનો આશ્રય છોડીને પરનો કાંઈપણ વિચાર આવે તે પરિગ્રહ છે–દોષ છે. જુઓ તો ખરાં! ધંધો છોડીને બેસો તો પણ પરિગ્રહ તો પડ્યો જ છે. પરિગ્રહની કેટલી વિશાળ વ્યાખ્યા! જેમ ભગવાન આત્માના ગુણની વ્યાખ્યા વિશાળ છે તેમ વિકલ્પના પરિગ્રહની વ્યાખ્યા પણ વિશાળ છે.

ચૌદ ગુણસ્થાન વીતરાગમાર્ગ સિવાય બીજે ન હોય, આત્મા સિવાય પાંચ દ્રવ્યનું કથન કે સિદ્ધના સ્વરૂપનું વર્ણન વીતરાગમાર્ગ સિવાય બીજે ક્યાંય ન હોય. તેથી અહીં યોગીન્દુદેવ છ દ્રવ્ય, ચૌદ માર્ગણા, ગુણસ્થાન, પંચપરમેષ્ઠી આદિનું હોવાપણું સિદ્ધ કરતાં જાય છે અને સાથે તેના આશ્રયમાં જે દોષ આવે છે તે પણ સાબિત કરતાં જાય છે કે સ્વનો આશ્રય છોડીને જેટલો પરનો આશ્રય લે છે એટલો રાગ છે, પરિગ્રહ છે, દોષ છે, બંધન છે એટલું જ્ઞાનીએ અંતરમાં બરાબર સમજી લીધું છે.

માર્ગણાસ્થાનમાં ક્રોધ, માન, માયા, લોભાદિ કષાય, ભવ્ય-અભવ્ય એવા ભેદ, સમ્યક્ત્વના ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક આદિ ભેદનો વિચાર કરવો તે વિકલ્પ હોવાથી મિશ્ર પરિગ્રહ ગણાય છે. પોતાના સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટેલા ક્ષાયિક સમ્યક્ત્વનું પણ લક્ષ કરે છે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. ધર્મની પ્રાપ્તિ હોવા છતાં જેટલું પર્યાયનું લક્ષ છે તે દોષ છે. સ્વદ્રવ્યના આશ્રય સાથે તેમાં જેટલું એકાકારપણું થાય છે એટલી શુદ્ધિ અને ધર્મની વૃદ્ધિ છે. બાકી જીવસમાસ આદિરૂપ સંસારીજીવનો વિચાર પણ પરિગ્રહમાં જાય છે.

અહા! વીતરાગમાર્ગને દુનિયાના માર્ગ સાથે ઉગમણો-આથમણો ફેર છે. જૈનમાં જન્મેલાને પણ આ વાત સાંભળવા મળતી નથી, સ્વ-પરના ભેદની ખબર નથી. સ્વના આશ્રયથી લાભ અને પરના આશ્રયથી દોષ છે એવો વિવેક નથી ત્યાં ધર્મ શી રીતે થાય!

કોઈને પ્રશ્ન થાય કે પ્રવચનસારની ૮૦મી ગાથામાં તો કહ્યું છે કે જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ ક્ષય પામે છે તો પછી અહીં સિદ્ધના સ્વરૂપના વિચારને દોષરૂપ કેમ કહ્યું? ભાઈ! અરિહંતના કે સિદ્ધના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા તે પરલક્ષી જ્ઞાન છે. તેને માન્યા પછી તેનું લક્ષ છોડી, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને સમજવા કે હું જ પૂર્ણ સ્વદ્રવ્ય છું. જ્ઞાન-આનંદ મારા ગુણ છે અને મારી નિર્મળ પર્યાય અંદર દ્રવ્યમાં અભેદ થાય છે. એમ, સ્વનું લક્ષ અને દૃષ્ટિ આવ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી.

આ રીતે જુદી જુદી અપેક્ષાએ પરિગ્રહના ભેદો દર્શાવીને યોગીન્દ્રદેવ કહે છે કે

બાહ્ય અને અંતરંગ પરિગ્રહથી રહિત જે જિનલિંગ–તેને ગ્રહણ કરીને પછી જે અજ્ઞાની શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત પરિગ્રહને—સંસારી જીવનો વિચાર, સિદ્ધનો વિકલ્પ એ પણ અનુભૂતિથી વિપરીત છે, પરમાણુથી લઈને પાંચેય દ્રવ્યનો વિચાર એ પણ નિર્મળ અનુભૂતિથી વિપરીત છે, એવા પરિગ્રહને—ગ્રહે છે તે અનાદિના મિથ્યાદૃષ્ટિ જેવો મિથ્યાદૃષ્ટિ છે, નિંદાને યોગ્ય છે. 'સ્વદ્રવ્યના આશ્રયે જ સિદ્ધ અને પરદ્રવ્યના આશ્રયે બંધ' એવા વિવેક રહિત તે મિથ્યાદૃષ્ટિ છે.

અરે આ કાંઈ માર્ગ છે! એકદમ નિમિત્ત અને વિકલ્પની ઉપેક્ષા! અને પૂર્ણસ્વરૂપ ભગવાન નિજ પરમાત્માની અપેક્ષા!

ભલે વીતરાગ ન થાય ત્યાં સુધી ઉપર કહ્યાં તેવા બધાં વિચાર આવે પણ તેના આશ્રયે પોતાને લાભ માની લે તો એ પરિગ્રહ થઈ ગયો, પોતાની વીતરાગ અનુભૂતિથી વિપરીત રાગ થઈ ગયો, તેનાથી પોતાનો વીતરાગ પરિગ્રહ કેવી રીતે સિદ્ધ થશે!

અહીં તો હજી ૫૦ લાખની પૂંજીમાંથી દશ-વીશ લાખ દાનમાં આપીને ધર્મ થવો માની લે છે તો ધર્મ થોડો થઈ જવાનો? એ તો મંદરાગ છે. તે શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીતભાવ છે. શરીર, સ્ત્રી, પરિવાર, ધન, વિકલ્પથી લઈને બધાં પરલક્ષી ભાવ આત્માની નિર્મળ અનુભૂતિથી ભિન્ન છે તો જે સ્વભાવથી વિપરીતભાવ છે તે સ્વભાવની પ્રાપ્તિનું કારણ કેમ થાય?

જે પરમાત્માની વાણીમાં આવ્યું છે એવું જ કથન ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં યોગીન્દુદેવ લખી ગયા છે કે સચિત્ત, અચિત્ત અને મિશ્ર સર્વ પ્રકારના પરિગ્રહને છોડીને ફરી ગ્રહણ કરનારા મુનિ વમન કર્યા પછી તેને ગ્રહનારા જેવા નિંદાને યોગ્ય છે.

(ક્રમશઃ)

આ અંક ફેબ્રુઆરી-માર્ચ-૨૦૦૬ના સંયુક્ત અંક તરીકે પ્રગટ કરવામાં આવેલ છે તથા આગામી અંક એપ્રિલ-૨૦૦૬માં પ્રગટ કરવામાં આવશે.

શ્રી મધુબેન ભાઈલાલ દોશી પરિવાર, મુંબઈ તરફથી રૂા. ૧૦,૦૦૦=૦૦ આ અંકના પ્રકાશન ખાતે મળેલ છે.

## વૈરાગ્ય-સમાચાર :—

વઢવાણનિવાસી (હાલ-વિલેપાર્લા) શ્રી ચંદુલાલ જગજીવનદાસ પરીખ (વર્ષ-૮૮) તા. ૫-૧૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. વઢવાણ જિનમંદિરના શિલાન્યાસનો તેમજ પંચકલ્યાણક પ્રતિષ્ઠા-મહોત્સવમાં વિધિ-નાયક ભગવાનના પિતા બનવાનું સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું.

દાહોદનિવાસી શ્રી શૈલેષભાઈ દેવેન્દ્રભાઈ તલાટી (વર્ષ-૪૫) તા. ૨૦-૧૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી (હાલ-સુરેન્દ્રનગર) બ્ર. શ્રી શાંતાબેન ધરમશીભાઈ મણિયાર તા. ૨૩-૧૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહેતા હતા.

વઢવાણનિવાસી (હાલ-પાર્લા) શ્રી મધુબેન ભાયલાલ દોશી (વર્ષ-૮૩) તા. ૨૩-૧૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વઢવાણનિવાસી (હાલ-મુંબઈ) સ્વ. શ્રી હીરાલાલ ચીમનલાલ શાહના પુત્ર શ્રી દિલીપભાઈ (વર્ષ-૫૪) તા. ૨૩-૧૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિસાવદરનિવાસી (હાલ-કાંદિવલી) શ્રી વીણાબેન ગિરીશચંદ્ર ટીમ્બડીયા (વર્ષ-૬૯) તા. ૨૫-૧૨-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

દહેગામનિવાસી (હાલ-અમદાવાદ) શ્રી વિમળાબેન પ્રવિણચંદ્ર શાહ (વર્ષ ૭૫) તા. ૨-૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કલોકનિવાસી શ્રી રતનચંદ્ર આત્મારામભાઈ શાહ તા. ૪-૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈનિવાસી શ્રી પ્રફુલચંદ્ર કેશવલાલ દોશી (વર્ષ-૮૩) (–તે સોનગઢ-રાજકોટ નિવાસી શ્રી મંગળાબેન લાભશંકર મહેતાના જમાઈ) તા. ૧૧-૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાવરકુંડલાનિવાસી શ્રી વિમળાબેન દલસુખરાય દોશી (વર્ષ-૭૮) તા. ૧૨-૧-૦૬ના રોજ તેમજ શ્રી દલસુખરાય (દલુભાઈ) જગજીવન દોશી (વર્ષ-૮૩) (–તે સોનગઢનિવાસી બ્ર. શ્રી સ્વ. ઉષાબેનના ભાભી તથા ભાઈ) રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

મોરબીનિવાસી (હાલ-સિકંદરાબાદ) શ્રી સુરેશભાઈ જેઠાલાલ દોશી (વર્ષ-૫૭) કેન્સરની લાંબી બિમારી બાદ તા. ૨૦-૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે રોગની અસહ્ય વેદનામાં શાંતિપૂર્વક જાગૃતિથી દેહ છોડ્યો હતો. આ બિમારીને આત્મહિતરૂપ માની તેઓ સ્વાધ્યાયનો ઘણો લાભ લેતા હતા.

નાઈરોબીનિવાસી શ્રી કસ્તુરબેન ખીમજી આણંદ વોરા (વર્ષ-૮૬) તા. ૧૩-૧-૦૬ના રોજ બે દિવસની ટૂંકી બિમારીમાં જાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

કલકત્તાનિવાસી (હાલ-સોનગઢ) બ્ર. શ્રી આશાબેન જાદવજીભાઈ ટીમ્બડીયા (વર્ષ-૫૮) તા. ૩૧-૧-૦૬ના રોજ સોનગઢ મુકામે હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં સત્તર વર્ષ કહાન નગર સોસાયટી, સોનગઢમાં સ્થાયી રહીને લાભ લીધો હતો.

મુંબઈનિવાસી (હાલ-પાર્લા) શ્રી જગદીશચંદ્ર નવલચંદ્ર લોદરીયા (વર્ષ-૬૭) તા. ૪-૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નાનપણથી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્-સમાગમનો લાભ લેતા હતા.

વિંછીયાનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી હર્ષદભાઈ મનસુખભાઈ બોટાદરાના ધર્મપત્ની રુચિતાબેન (વર્ષ-૫૯) તા. ૭-૨-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાવરકુંડલાનિવાસી (હાલ-મુંબઈ) શ્રી હંસાબેન ટી. દોશી (વર્ષ-૬૫) (-તે શ્રી સ્વ. પ્રભુદાસ તારાચંદ કામદારના ભાણેજ) તા. ૨-૨-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે નાનપણથી જ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણો લાભ લીધો હતો.

રતલામનિવાસી શ્રી ભવાનજીભાઈ દેવરાજ (વર્ષ-૭૭) (-તે બ્ર૦ સુશીલાબેનના મામા) તા. ૧૯-૧-૦૬ના રોજ હાર્ટફેઈલ થવાથી માત્ર ૧૦ મિનિટમાં જાગૃતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે.

મદ્રાસ(ચેન્નઈ)નિવાસી શ્રી ગોદાવરીબેન હંસરાજ શાહ (વર્ષ-૭૮) (-તે શ્રી ધીરજશ્રીના નાનાબેન) તા. ૧-૨-૦૬ના રોજ વડોદરા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૪૦ વર્ષોથી વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

વિંછીયાનિવાસી (હાલ-રાજકોટ) શ્રી ભારતીબેન કિરીટકુમાર શાહ (વર્ષ-૬૦) તા. ૨૧-૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ તત્ત્વના ઊંડા જિજ્ઞાસુ હતા.

માયાગામ કરજણનિવાસી (હાલ-મુંબઈ) અનંતરાય હરગોવિંદદાસ શાહ તા. ૪-૧૧-૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં તેઓએ શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

❊ ❊ ❊

# સુવર્ણપુરી (સોનગઢ) સમાચાર

**સમ્યકત્વજયંતી મહોત્સવ :**—નિર્મલ સમ્યક્ત્વથી વિભૂષિત ધન્યાવતાર પૂ. બહેનશ્રી ચંપાબેનનો ૭૪મો સમ્યક્ત્વ જયંતી મહોત્સવ શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ, ઘાટકોપર-મુંબઈ દ્વારા તા. ૨૦-૩-૨૦૦૬ સોમવારથી તા ૨૪-૩-૨૦૦૬ શુક્રવાર (ફાગણ વદી ૧૦) એમ પાંચ દિવસ સુધી ઊજવવામાં આવશે. આ મહોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખન વિધિ તા. ૫-૨-૨૦૦૬ ને રવિવારના દિને સુવર્ણપુરીમાં અતિ આનંદોલ્લાસપૂર્વક યોજાઈ ગઈ. આ અવસર પર અમદાવાદ, રાજકોટ, મુંબઈ, ભાવનગર વિગેરે વિભિન્ન શહેરોમાંથી અનેક મુમુક્ષુભાઈ બહેનો પધાર્યા હતા. નિમંત્રણ પત્રિકા મુમુક્ષુમંડળો તેમજ મુમુક્ષુઓને મોકલાઈ ગઈ છે.

**માનસ્તંભ-પ્રતિષ્ઠા દિન :**—તા. ૭-૪-૨૦૦૬, શુક્રવારના રોજ સુવર્ણપુરીના શ્રી સીમંધર માનસ્તંભનો ૫૪મો વાર્ષિક પ્રતિષ્ઠાદિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન પૂર્વક ઉજવવામાં આવશે.

**મહાવીર જયંતી કહાનગુરુ સંપ્રદાય પરિવર્તન દિવસ :**—તા. ૧૧-૪-૨૦૦૬, ચૈત્રસુદ ૧૩, મગળવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

## વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૧૦-૪-૨૦૦૬ થી તા. ૨૯-૪-૨૦૦૬ બુધવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

ઉત્તમ કક્ષામાં સમયસાર તથા પંચાસ્તિકાયસંગ્રહ પર તથા મધ્યમ કક્ષામાં મોક્ષમાર્ગપ્રકાશક પર શિક્ષણ આપવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના—(૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિ:શુલ્ક રહેશે. (૨) વિદ્યાર્થી પાઠ્ય-પુસ્તક (પોતાની પાસે હોય તો) સાથે લાવે. (૩) રેડિયો તથા ટેપ-રેકોર્ડર આદિ કિમતી વસ્તુઓ સાથે ન લાવે. (૪) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક–*

*શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*

*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

## સુરેન્દ્રનગરમાં નિર્માણાધીન સૂર્યકિર્તિ તીર્થધામ મધ્યે ત્રિ-જિનાયતનનો મંગલ શિલાન્યાસ મહોત્સવ સાનંદ સંપન્ન

મધ્ય સૌરાષ્ટ્રની પ્રસિદ્ધ નગરી સુરેન્દ્રનગરમાં શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુમંડળ દ્વારા નવનિર્મિત સુર્યકિર્તિ તીર્થધામ મધ્યે ત્રિ-જિનાયતનનો શિલાન્યાસ મહોત્સવ દેશ-વિદેશથી પધારેલા ૧૫૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિ-ઉલ્લાસ સાથે તા. ૪-૨-૦૬ના રોજ સંપન્ન થયો.

પરમોપકારી પૂ. ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગળ પ્રભાવના યોગની વૃદ્ધિના સૂચક આ નૂતન સુર્યકિર્તિ તીર્થધામમાં (૧) શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરના નિર્માણ તથા શિલાન્યાસનું મંગલ સૌભાગ્ય બોરીવલી નિવાસી શ્રી જયાબેન જયંતીલાલ દોશી પરિવાર હ. જયેશભાઈ તથા અક્ષયભાઈને (૨) શ્રી સીમંધરસ્વામી માનસ્તંભના નિર્માણ અને શિલાન્યાસનું મંગલ સૌભાગ્ય સાયન નિવાસી શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર હ. નેમિશભાઈ તથા કેતનભાઈને તથા (૩) શ્રી સીમંધરાદિ વીસ વિદેહી જિનવર કમલાકાર દિ. જિનમંદિરના શિલાન્યાસનું મંગલ સૌભાગ્ય જુહુ-મુંબઈ નિવાસી શ્રી મધુભાઈ ન્યાલચંદ શાહ પરિવાર હ. મેહુલભાઈને પ્રાપ્ત થયું હતું.

શિલાન્યાસની મંગલ વિધિ બ્ર૦ શ્રી ચંદુભાઈ જોબાલિયા તથા બ્ર૦ વ્રજલાલભાઈ શાહ દ્વારા અત્યંત રસપ્રદ રીતે કરાવવામાં આવી હતી. તથા આ કાર્યમાં પ્રકાશભાઈ જૈન તથા રમેશભાઈ મહેતા એ સહયોગ આપ્યો હતો. આ મંગલ કાર્યમાં બહારથી પધારેલા સેંકડો મુમુક્ષુઓને પણ રત્ન, સુવર્ણ તથા રજત શિલાઓથી શિલન્યાસનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

## રાજકોટમાં શ્રી આદિનાથ દિ૦ જિનમંદિરનો પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

પરમ તારણહાર પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રી ચંપાબેનના પ્રભાવનાયોગથી તા. ૨૭-૧-૨૦૦૬ થી તા. ૩-૨-૨૦૦૬—આઠ દિવસ સુધી રાજકોટમાં શ્રી કુન્દકુન્દ-કહાન પરિવાર યુવકમંડળ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા નવનિર્મિત દિગંબર જિનમંદિરમાં મૂળનાયક શ્રી આદિનાથ, શ્રી મહાવીરસ્વામી, શ્રી સીમંધરસ્વામી, શ્રી બાહુબલીસ્વામી, તથા વિધિનાયક શ્રી નેમિનાથ ભગવાન તેમજ નંદિશ્વરબાવન જિનાલયોમાં સ્થિત ભગવંતોનો પાવન પંચકલ્યાણક મહોત્સવ દેશ-વિદેશથી પધારેલા લગભગ ૫૦૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિ ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં આનંદપૂર્વક ઉજવવામાં આવ્યો.

આ મંગલકારી ઉત્સવના વિશેષ સમાચારો આગામી અંકમાં આપવામાં આવશે.

## આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| પ્રકાશક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| સંપાદક | : | નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| મુદ્રક | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |

હું હસમુખલાલ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખલાલ પોપટલાલ વોરા

તા. ૧૫-૩-૨૦૦૬

અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦

પરદ્રવ્યની પંચાતમાં ફસાઈ ગયો છે! પણ એક વીતરાગી નિશ્ચયરત્નત્રય જ ઈષ્ટ છે, બાકી સર્વે અનિષ્ટ છે. માટે તારું વલણ ફેરવી નાખ. પર તરફનું વલણ છોડી સ્વ-તરફનું વલણ કર. જ્યાં સુધી પર, નિમિત્ત કે વિકલ્પનો પ્રેમ છે ત્યાં સુધી આત્માનો દ્વેષ છે. અરે જીવ! ભાગ્ય વિના આ વાત સાંભળવા પણ ક્યાંથી મળે? ભગવાન તને કહે છે કે પ્રભુ! તું તારી સામે જો ને! ત્યાં સુખ ભર્યું પડ્યું છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય તેમ ભાઈ! આ વાત સાંભળવા મળી, સાંભળવાના ટાણાં આવ્યા ત્યારે પહેલાં સંસારના આ કાર્ય કરી લઉં ને પહેલાં તે કાર્ય કરી લઉં—એમ ન હોય; નહીં તો ટાણાં ચાલ્યા જશે તે ફરી પાછા નહીં આવે, માટે પહેલાં આ કરી લે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

❀ ❀ ❀

ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૪મો

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૪મીં વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૨૪-૩-૨૦૦૬ શુક્રવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ ૨૦-૩-૨૦૦૬ સોમવારથી તા. ૨૪-૩-૨૦૦૬ શુક્રવાર—પાંચદિવસ સુધી, શ્રી 'ચોસઠઋદ્ધિમંડલવિધાનપૂજા' પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહિનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ તરીકે શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળ, મુંબઈ દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

*નિમંત્રક*

*શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુ મંડળ,*

*મુંબઈ*

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

*પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૭મો*

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૧૭મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી ઉપનગર દિ૦ જૈન મુમુક્ષુમંડળ, મલાડ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૧૭મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૫-૪-૨૦૦૬ મંગળવારથી તા. ૨૯-૪-૨૦૦૬ શનીવાર—પાંચ દિવસ સુધી 'શ્રી સમવસરણ વિધાન પૂજા,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ઓડિયો-ટેપ પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૨૪-૩-૨૦૦૬ને શુક્રવારના રોજ રાખવામાં આવેલ છે.)

*નિમંત્રક*

*શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુ મંડળ, મલાડ, મુંબઈ*

## આત્મા રાગનો નાશ કરનાર પણ નથી

અરે! આત્મા રાગનો પણ નાશ કરતો નથી તો કર્મ તો પરદ્રવ્ય છે તેનો નાશ આત્મા શી રીતે કરે! કર્મ બાંધવું કે નાશ કરવો એ આત્માના સ્વભાવમાં જ નથી. પરમાર્થે આત્મા રાગનો નાશ કરનાર પણ નથી. જો રાગનો નાશ કરનાર થાય તો તો રાગની એને દૃષ્ટિ થઈ. આત્મા તો રાગરહિત તત્ત્વ છે. રાગ તો આસ્રવતત્ત્વ છે અને આત્મા જ્ઞાયકતત્ત્વ છે. એ બંને તત્ત્વને એક માને એ તો મૂઢ છે. આકરી લાગે તેવી વાત છે.

---પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સં. ૨૬ સં. ૨૦૬૨ * [૭૪૮-૭૪૯] * [અંક-૮-૯ વર્ષ-૬૨] * વીર સં. ૨૫૩૨ ફેબ્રુઆરી-માર્ચ-૨૦૦૬

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

BOOK-POST

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]
Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662
Copies : 5100